પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં લાભાર્થીઓને સહાયની રકમનું ચૂકવણું કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પીએમએવાય/૧૦૨૦૧૮/SFS-૬/ખ-૨
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૫/૨૦૧૮

વંચાણે લીધા :- (૧) કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીની સિંગલ ફાઈલ સિસ્ટમથી વર્ષ ૨૦૧૮-૧૯ ના પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના હપ્તા નિર્ધારિત કરવા અંગેની દરખાસ્ત

ઠરાવ :-

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) એ વર્ષ-૨૦૧૬-૧૭ની અમલમાં આવેલ આવાસ બાંધકામ માટે ગ્રામીણ વિસ્તારના લાભાર્થીઓને નાણાંકીય સહાય પૂરી પાડવાની યોજના છે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા અને SECC-૧૧ માં સમાવેશ થયેલ ગ્રામીણ વિસ્તારના લાભાર્થીને રૂ. ૧,૨૦,૦૦૦ની સહાય મળવાપાત્ર થાય છે, યોજનાની ગાઈડ લાઇન મુજબ આ યોજનાના લાભાર્થીઓએ આવાસ મંજૂરીની તારીખથી એક વર્ષની સમયમર્યાદામાં આવાસનું બાંધકામ પુર્ણ કરવાનું રહે છે. વંચાણ-૧ થી ગ્રામ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ ના લાભાર્થીઓને સહાયની ચુકવણી ત્રણ હપ્તામાં કરવા દરખાસ્ત કરવામાં આવેલ. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, વર્ષ ૨૦૧૮-૧૯ માં મંજૂર થનાર આવાસો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ત્રણ હપ્તામાં સહાયની ચુકવણી કુલ રૂ. ૧,૨૦,૦૦૦ની નીચે મુજબ કરવા ઠરાવવામાં આવે છે.

૧. પ્રથમ હપ્તો રૂ. ૩૦,૦૦૦/- (આવાસ મંજૂરીના હુકમ સાથે)

૨. બીજો હપ્તો રૂ. ૫૦,૦૦૦/- (આવાસનું બાંધકામ વિન્ડો સીલ લેવલ પર પહોંચે ત્યારે)

૩. ત્રીજો હપ્તો રૂ. ૪૦,૦૦૦/- (આવાસનું બાંધકામ પૂર્ણ થાય ત્યારે)

આ ઠરાવની અમલવારી પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ)ના વર્ષ ૨૦૧૮-૧૯ ના લાભાર્થીઓ માટે કરવાની રહેશે અને ત્રણ હપ્તામાં સહાયની ચુકવણી તા. ૦૧-૦૪-૧૮ થી કરવાની રહેશે લાભાર્થીઓને આવાસનું બાંધકામ સંપૂર્ણપણે પૂર્ણ થાય ત્યારે ત્રીજો અને અંતિમ હપ્તો રૂ.૪૦,૦૦૦ ચૂકવવાનો રહેશે. લાભાર્થી જ્યારે શૌચાલયનું બાંધકામ પૂર્ણ કરે ત્યારે શૌચાલય બાંધકામની સહાય આપવાની રહેશે. શૌચાલય ન હોવાના કારણે ત્રીજા હપ્તાની ચુકવણી રોકવાની રહેશે નહી પરંતુ શૌચાલયનું બાંધકામ નિયમાનુસાર સુનિશ્ચિત રીતે પૂર્ણ કરાવી, શૌચાલયની સહાયની ચૂકવણી કરવાની રહેશે.

આ ઠરાવ તા. ૨૪/૦૧/૨૦૧૮ની નોંધ પર માન. મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
ઉપસચિવ
પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી (પચાયત)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૩. તમામ માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજકોટ / અમદાવાદ.
૬. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાંવિભાગ,સચિવાલય, ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અગ્ર સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૨. અગ્ર સચિવશ્રી,નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૩. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૪. સચિવાલયના તમામ વિભાગો

૧૫. વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૬. અધિક કમિશ્નરશ્રીઓ,કમિશ્નર ગ્રામવિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૭. મુખ્ય કારોબારી અધિકારીશ્રી,પી.એમ.કે.એસ.વાય.,કમિશ્નર ગ્રા.વિ.ની કચેરી, ગાંધીનગર

૧૮. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર

૧૯. સર્વે કલેક્ટરશ્રીઓ, જિલ્લા (તમામ), (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)

૨૦. ચેરમેન -વ- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)

૨૧. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)

૨૨. સિસ્ટમ મેનેજરશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ

૨૩. શાખા ફાઇલ / પસંદગી ફાઇલ.